તારીખ : 03/08/2026

BREAKING NEWS

# સાવરકુંડલા ખડસલી નજીક સ્ટેટ હાઈવે પર ફોરવ્હીલ કારનો અકસ્માત

## ટાયર ફાટતાં વાહન કાબૂ બહાર જઈ વડના ઝાડ સાથે અથડાયું



સાવરકુંડલા-વીજપડી સ્ટેટ હાઈવે પર ખડસલી નજીક એક ફોરવ્હીલ વાહનનો અકસ્માત સર્જાયો હતો. વાહનનું ટાયર ફાટતાં ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને તે રસ્તાની બાજુમાં આવેલા વડના ઝાડ સાથે ધડાકાભેર અથડાયું હતું. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ વાહનને નોંધપાત્ર નુકસાન થયું હતું.અકસ્માત સ્થળ ખડસલી નજીક સ્ટેટ હાઈવે પરના એક જોખમી વળાંક પર આવેલું છે. અહીં રસ્તાની એકદમ નજીક આવેલું વડનું વિશાળ ઝાડ વાહનચાલકો માટે સતત જોખમ ઊભું કરે છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ સ્થળે અગાઉ પણ અનેક અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. જોખમી વળાંક અને ઝાડને કારણે અકસ્માતો થતા હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.સ્થાનિક નાગરિકોએ તંત્ર સમક્ષ તાત્કાલિક આ સ્થળનું નિરીક્ષણ કરી જરૂરી સુરક્ષાત્મક પગલાં ભરવા અને ભવિષ્યમાં આવા અકસ્માતો ન થાય તે માટે નક્કર કાર્યવાહી કરવાની માંગ કરી છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સોનિકની ૧૦૦% ગેરંટી!!!

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ ખરીદી પર એક માલામાલ કુપન 'ફ્રી'

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 03/08/2026

# નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાનનો પ્રારંભ





વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી My Bharat દ્વારા પ્રેરિત *"નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન"*નો રાષ્ટ્રીય પ્રારંભ કરાવ્યો હતો.આ અભિયાનના ભાગરૂપે ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) ખાતે આયોજિત રાજ્યકક્ષાના કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં સહભાગી થઈ યુવાનોને નશામુક્તિનો સંદેશ આપ્યો.

કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ N F S U ના વિદ્યાર્થીઓ, યુવા સહ ભાગીઓ તેમજ My Bharatના સ્વયં સેવકો સાથે નશામુક્તિ, યુવા સશક્તિકરણ અને વિકસિત ભારતના નિર્માણમાં યુવાશક્તિની ભૂમિકા જેવા વિવિધ વિષયો પર પ્રેરણાદાયી સંવાદ કર્યો.

તેમણે યુવાનોને નશા જેવી સામાજિક બુરાઈથી દૂર રહી રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવા અનુરોધ કર્યો.આ પ્રસંગે નશાના દૂષણો અંગે જનજાગૃતિ ફેલાવતું અસરકારક નુક્કડ નાટક પણ રજૂ કરવામાં આવ્યું, જેને ઉપસ્થિત સૌએ બિરદાવ્યું હતું.

કે.ડી. NEWS
તારીખ : 03/08/2026

# શેરબજારમાં જબરદસ્ત તેજી: સેન્સેક્સમાં 700થી વધુ, નિફ્ટીમાં 180થી વધુ પોઈન્ટનો ઉછાળો




સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજારે મજબૂત શરૂઆત નોંધાવી હતી. વૈશ્વિક સકારાત્મક સંકેતોના પગલે રોકાણકારોમાં ઉત્સાહ જોવા મળતા બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો સેન્સેક્સ 700થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે 78,800ની સપાટી વટાવી ગયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)નો નિફ્ટી પણ 180થી વધુ પોઈન્ટની તેજી સાથે 24,500ના સ્તરને પાર પહોંચ્યો હતો.કારોબારની શરૂઆતમાં સેન્સેક્સ અગાઉના બંધ 78,094ની સરખામણીએ આશરે 789 પોઈન્ટના વધારા સાથે 78,883 પર ખુલ્યો હતો અને ટૂંક સમયમાં જ 78,895ની સપાટી સુધી પહોંચ્યો હતો. બીજી તરફ નિફ્ટી પણ અગાઉના બંધ 24,383ની સામે ઉછળીને 24,572ના સ્તરે ટ્રેડ થતો જોવા મળ્યો હતો.બજારની તેજીમાં લાર્જ-કેપ શેરોએ મહત્વનું યોગદાન આપ્યું હતું. બજાજ ફાઈનાન્સ, ઈન્ડિગો, બજાજ ફિનસર્વ અને ITCના શેરોમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. મિડ-કેપ શેરોમાં અશોક લેલેન્ડ, પેટીએમ અને સુઝલોનમાં ખરીદી જોવા મળી હતી, જ્યારે સ્મોલ-કેપ શેરોમાં રેડિંગ્ટન, GEShip અને રિલાયન્સ પાવરમાં પણ મજબૂત તેજી નોંધાઈ હતી.બજાર નિષ્ણાતોના જણાવ્યા મુજબ વૈશ્વિક સ્તરે મળેલા સકારાત્મક સંકેતો અને આંતરરાષ્ટ્રીય બજારોમાં રોકાણકારોનો વધતો વિશ્વાસ ભારતીય શેરબજાર માટે અનુકૂળ સાબિત થયો છે. તેના પરિણામે સપ્તાહની શરૂઆત જ જોરદાર તેજી સાથે થઈ છે, જે રોકાણકારોમાં નવી આશા અને ઉત્સાહનું કારણ બની છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 03/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.

99041 41874 / 70961 31005

તારીખ : 03/08/2026

# ધરાઈમાં ભવ્ય ઠાકોરજીના થાળ મહોત્સવે ભક્તિમય વાતાવરણ સર્જાયું...




અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામ ખાતે ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ અને કરિયાણા એસોસિએશન દ્વારા આયોજિત ભવ્ય ઠાકોરજીના થાળ મહોત્સવમાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ઠાકોરજીના અલૌકિક દર્શન, ભવ્ય થાળ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે સૌએ ભગવાનના ચરણોમાં વંદન કરી સુખ, શાંતિ, સમૃદ્ધિ અને લોકકલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

આ પવિત્ર પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી તથા અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા, અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, વિવિધ રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ આયોજકોને અભિનંદન પાઠવી આવા ધાર્મિક કાર્યક્રમો સમાજમાં ભક્તિ, સંસ્કાર અને એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


" SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV " ®

SUVARNA SAUBHAGYA UTSAV

# સુવર્ણ સૌભાગ્ય

## ઉત્સવ – સમૃદ્ધિ મહોત્સવ

## 2026

## શ્રી ગોકુલ જ્વેલર્સ

ના ગ્રાહકોએ 500 થીવધુ

ઈનામો જીતીને

સાવરકુંડલામાં રચ્યો

સુવર્ણ ઈતિહાસ

## શું તમે તૈયાર છો

આ વર્ષના સુવર્ણ સૌભાગ્ય ઉત્સવના

આકર્ષક ઈનામો માટે

GJ

શ્રી ગોકુલ જ્વેલર્સ

એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા. મો. 95373 12695, 94262 80911

* શરતો લાગુ

કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

# લાઠીમાં સંગીતની સુરીલી સાંજ: રોનાલ્ડ મ્યુઝિક ગ્રુપના સથવારે ભવ્ય મ્યુઝિકલ કોન્સર્ટ યોજાયો






લાઠી ખાતે રામનાથ પેટ્રોલિયમના સંચાલક શ્રી જયેશભાઈ ઠાકરના આયોજન હેઠળ રોનાલ્ડ મ્યુઝિક ગ્રુપના સથવારે "સંગીતની એક યાદગાર સફર" નામે ભવ્ય મ્યુઝિકલ કોન્સર્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે લાઠી-દામનગર-બાબરા વિધાનસભાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો. કાર્યક્રમમાં રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, કલા અને સંગીતપ્રેમીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.સુર અને સંગીતથી સજ્જ આ યાદગાર સાંજે કલાકારોએ પોતાની મનમોહક રજૂઆતથી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. એક પછી એક રજૂ થયેલા લોકપ્રિય ગીતો પર શ્રોતાઓએ તાળીઓના ગડગડાટ સાથે કલાકારોને વધાવી લીધા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ સંગીતમય બની ગયું હતું.આ સુંદર અને ભવ્ય આયોજન બદલ શ્રી જયેશભાઈ ઠાકર તથા સમગ્ર આયોજન ટીમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તેમજ આવા સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજમાં કલા અને સંગીત પ્રત્યેનો પ્રેમ વધુ પ્રબળ બનાવે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

તારીખ : 03/08/2026

# ૦૪ ઓગસ્ટે ફક્ત મહિલાઓ માટે રોજગાર ભરતી મેળો યોજાશે

## ભરતી મેળામાં ભાગ લેતા પહેલાં ઉમેદવારોએ અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી નોંધણી કરાવવી

અમરેલી તા. 03 ઓગસ્ટ, ૨૦૨૬ - કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર દ્વારા ઓગસ્ટ માસ "નારી વંદન ઉત્સવ" ની ઉજવણીના ભાગ રૂપે આગામી તા. ૦૪ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓ પૈકી રોજગાર વાંચ્છુક મહિલાઓને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુથી ૦૪ ઓગસ્ટે ફક્ત મહિલાઓ માટે રોજગાર ભરતી મેળો યોજાશે. અમરેલી જિલ્લાના ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમો માટે ૧૮થી ૪૫ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરૂપ ધો. ૧૦ પાસથી ઓછું તેમજ ધો. ૧૦ પાસથી ગ્રેજ્યુએટ સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતાં મહિલાઓ ભાગ લઈ શકશે.

ભરતી મેળો સવારે ૧૧.૦૦ કલાકે તળપદા કોળી સમાજની વાડી, ચિત્તલ રોડ, અમરેલી ખાતે યોજાશે. ભરતીમેળામાં ભાગ લેતા પહેલા ઉમેદવારોએ ફરજીયાતપણે અનુબંધમ પોર્ટલ પર જઈને પોતાની ઓનલાઈન નોંધણી http://anubandham.gujarat.gov.in/account/signup. લિંક પર કરવાનું રહેશે. આ ભરતીમેળા અંગે વધુ વિગતો માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના ફોન નંબર ૦૨૭૯૨-૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકાશે. તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

# તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલા હીરા શોધી અરજદારને પરત આપ્યા




ટેક્નિકલ અને હ્યુમન સોર્સની મદદથી અમરેલી સીટી પોલીસની વધુ એક સફળ કામગીરીઅમરેલી જિલ્લા પોલીસ દ્વારા પોલીસ મહાનિર્દેશકશ્રીના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવી રહેલા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત અમરેલી સીટી પોલીસને વધુ એક નોંધપાત્ર સફળતા મળી છે.એક અરજદારના ગુમ થયેલા કિંમતી હીરા (ડાયમંડ) અંગે અરજી પ્રાપ્ત થતાં અમરેલી સીટી પોલીસની ટીમે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. ટેક્નિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સના આધારે સતત અને સઘન તપાસ કરી ગુમ થયેલા હીરા સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા હતા.ત્યારબાદ કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી મળેલા હીરા તેમના મૂળ માલિક એવા અરજદારને પરત સોંપવામાં આવ્યા હતા. પોતાના કિંમતી હીરા પરત મળતાં અરજદારે અમરેલી સીટી પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

કે.ડી NEWS
તારીખ : 03/08/2026

# ડૉ. શૈલેષ સુદાણી સાહેબે કોમ્યુનિટી હેલ્થ ઓફિસર તથા ગુજરાત રાજ્ય ઉપપ્રમુખ જાગૃતભાઈ ચૌહાણના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લઈ મિત્રતા દિવસની ઉજવણી કરી



બાળરોગ નિષ્ણાત ડૉ. શૈલેષ સુદાણી સાહેબે કોમ્યુનિટી હેલ્થ ઓફિસર તથા ગુજરાત રાજ્ય ઉપપ્રમુખ જાગૃતભાઈ ચૌહાણના ઘરે શુભેચ્છા મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન બંને વચ્ચે મિત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી.

ડૉ. શૈલેષ સુદાણીએ જાગૃતભાઈ ચૌહાણને મિત્રતા દિવસની હાર્દિક શુભેચ્છા પાઠવી અને સમાજસેવા તથા આરોગ્ય ક્ષેત્રે તેમના કાર્યોની પ્રશંસા કરી. આ પ્રસંગે બંને વચ્ચે આરોગ્ય સેવાઓ, સમાજ કલ્યાણ અને સહકારના વિષયો પર પણ ચર્ચા થઈ.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ કિલનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

**સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭**

કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

# નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસે ઘરેલુ હિંસા અધિનિયમ અંગે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો



અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શૈલેષભાઈ કણઝરીયાના માર્ગદર્શન હેઠળ નારી વંદન ઉત્સવ નિમિત્તે મહિલા સુરક્ષા દિવસના અવસરે અમરેલી સ્થિત ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) ખાતે તાલીમાર્થી બહેનો માટે ઘરેલુ હિંસા સામે મહિલાઓનું સંરક્ષણ અધિનિયમ-2005 વિષય પર કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન અમરેલી નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી વૈશાલીબેન માંગરોળીયાએ સંભાળ્યું હતું. કાર્યક્રમમાં મહિલાઓને ઘરેલુ હિંસા અધિનિયમ હેઠળ મળતા કાયદાકીય અધિકારો, સુરક્ષા, સહાય અને ન્યાય મેળવવાની પ્રક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત બહેનોએ પણ પોતાના પ્રશ્નો રજૂ કરી કાયદાકીય માહિતી મેળવી હતી.આ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ શ્રીમતી વૈશાલીબેન માંગરોળીયા, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શૈલેષભાઈ કણઝરીયા, RSETIના નિયામક શ્રી અંબુલકર સાહેબ, ફેકલ્ટી શ્રી ફિરોઝભાઈ રાઠોડ, એડવોકેટ શ્રીમતી શોભીનીબેન વોરા, નારી અદાલતના જિલ્લા કોઓર્ડિનેટર શ્રીમતી જસુબેન ભંડેરી, પ્રિન્સિપાલ શ્રીમતી હિનાબેન રાઠોડ તેમજ DHEW અને OSC સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે મહિલાઓને પોતાના અધિકારો પ્રત્યે જાગૃત રહી અન્ય મહિલાઓને પણ કાયદાકીય માહિતી પહોંચાડવા માટે પ્રેરિત કરવામાં આવી હતી.

કે.ડી. NEWS

તારીખ : 03/08/2026



# સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે અમરેલીમાં મેગા સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

મુખ્ય માર્ગો, બસ-રેલવે સ્ટેશન સહિત જાહેર સ્થળોએ 14 ઓગસ્ટ સુધી વિશેષ સફાઈ કામગીરી રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને અનુલક્ષીને અમરેલી નગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવા તા. 1થી 14 ઓગસ્ટ સુધી વિશેષ મેગા સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત શહેરના બસ સ્ટેશન, રેલવે સ્ટેશન રોડ, મુખ્ય માર્ગો, સરકારી કચેરીઓ, બજાર વિસ્તારો તેમજ વિવિધ જાહેર સ્થળોએ સઘન સફાઈ, કચરાનો નિકાલ, રસ્તાઓની સફાઈ અને આસપાસના વિસ્તારોને સ્વચ્છ રાખવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.રવિવારના રોજ બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન રોડ વિસ્તારમાં વિશેષ સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી. સફાઈ કર્મચારીઓ દ્વારા માર્ગો, જાહેર સ્થળો અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા માટે અસરકારક કામગીરી કરવામાં આવી હતી.

અમરેલી નગરપાલિકાએ શહેરના નાગરિકોને પણ આ અભિયાનમાં સક્રિય સહભાગી બનવા અનુરોધ કર્યો છે. જાહેર સ્થળોએ કચરો ન ફેંકવો, સ્વચ્છતા જાળવવી અને **"સ્વચ્છ અમરેલી – સુંદર અમરેલી"**ના સંકલ્પને સાકાર બનાવવા સૌએ સહયોગ આપવાની અપીલ કરવામાં આવી છે.નગરપાલિકાના જણાવ્યા મુજબ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દરમિયાન શહેર સ્વચ્છ, સુંદર અને વ્યવસ્થિત દેખાય તે માટે આગામી દિવસોમાં પણ વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન સતત ચાલુ રહેશે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 03/08/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સાવરકુંડલામાં સૌ પ્રથમવાર
## કાચની બોટલમાં તાજુ દોવાયેલુ દુધ

# અમર કૃપા
# ડેરી ફાર્મ

## ભેળસેળને કહો અલવિદા,
## શુધ્ધ દુધને કહો આવકાર




**પ્યોર ગાય તથા ભેંસનું દુધ**
**ફ્રી હોમ ડીલેવરી કરી આપીશું...**

**સમય :-**
**સવારે ૬ થી ૮ * સાંજે ૬ થી ૮**

**-: સ્થળ :-**
## સુર્યદેવ ચોક, સાવરકુંડલા
**સંપર્ક : મો. 91731 44484**

તારીખ : 03/08/2026

# મોટા ભમોદરામાં સંત સુખરામબાપુની તિથિ ઉજવાઈ

મોટા ભમોદરા ખાતે સંત સુખરામબાપુની તિથિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને સંતવાણીનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

દિવસભર ચાલેલા ધાર્મિક કાર્યક્રમોમાં ભક્તજનોએ સંત સુખરામબાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રદ્ધાળુઓએ સંતના આધ્યાત્મિક વિચારો અને સેવાભાવને યાદ કર્યા હતા.

રાત્રિના સમયે સંતવાણીના વિશેષ કાર્યક્રમનું આયોજન થયું હતું. જાણીતા કલાકારો જનક વેગડ અને અમીષ વાઘેલાએ ભજનો અને સંતવાણી રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.



આ ઉજવણીમાં ભક્તિ અને સંગીતનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. સંત સુખરામબાપુની સ્મૃતિને જીવંત રાખતા આ કાર્યક્રમથી સમગ્ર ભમોદરા પંથકમાં ભક્તિમય વાતાવરણ છવાયું હતું.

## ધાર્મિક કાર્યક્રમો અને સંતવાણી યોજાઈ



તારીખ : 03/08/2026
કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# પ્લોટ વેચવાનો છે

અંદાજીત 405 વારનો પ્લોટ અતિ મોકાનો ભાવના સોસાયટી, બ્લોક નં. 31 કબીર ટેકરી મેઈન રોડ ટચમાં આવેલ સાવરકુંડલામાં વેચવાનો છે.

**નોંધ : 200 વાર પ્લોટ જોઈતો હોય તો પણ કરી આપવામાં આવશે.**

**દલાલભાઈઓ આવકાર્ય**

**સંપર્ક : મો. 95375 05222**
**મો. 63551 99989**

તારીખ : 03/08/2026

# અમરેલીમાં "નારી વંદન સપ્તાહ" અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે કાયદાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો

અમરેલી તા. 03 ઓગસ્ટ,૨૦૨૬ - તા. ૦૧.૦૮.૨૦૨૬ના રોજ 'નારી વંદન ઉત્સવ' અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) ખાતે એક વિશેષ કાયદાકીય માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.નગરપાલિકા પ્રમુખશ્રી વૈશાલીબેન માંગરોળીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. સેમિનારમાં ઉપસ્થિત તાલીમાર્થી બહેનોને એડવોકેટ શોભીનીબેન વોરા દ્વારા 'ઘરેલું હિંસા અધિનિયમ-2005' અંગે વિગતવાર કાયદાકીય માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી દ્વારા પ્રાસંગિક માહિતી, R S E T I ના નિયામકશ્રી અંબુલકર સાહેબ દ્વારા ઉદ્બોધન અને નારી અદાલતના જિલ્લા કો-ઓર્ડિનેટર જસુબેન ભંડેરી દ્વારા નારી અદાલતની કામગીરી વિશે બહેનોને માહિતગાર કરવામાં આવ્યા હતા. DHEW સ્ટાફના મીનાક્ષીબેન દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી.કાર્યક્રમના અંતે અનાથ દીકરીઓને શૈક્ષણિક અને હાઈજીન કીટ, દીકરી વધામણાં કીટ તેમજ 'વ્હાલી દીકરી યોજના'ના મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું, અને સાથે જ હાજર તમામ બહેનોને હેન્ડ બેગ તથા યોજનાકીય પેમ્પ્લેટ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ DHEW સ્ટાફના જાનાબેન ગલચર દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે RSETI ફેકલ્ટી ફિરોઝભાઈ રાઠોડ, પ્રિન્સિપાલ હિનાબેન રાઠોડ તેમજ O S C અને D H E W નો સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 03/08/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન વેચવાનું છે

કલ્યાણ સોસાયટીમાં અલ મદાની સોસાયટી, ૩ રૂમ, ૧ હોલ, મોડ્યુલર કીચન, ૪ બાથરૂમ, ફર્નિચર સાથે, સોલાર પેનલ કમ્પ્લીટ, ટાઇટલ કલીયર, તમામ સગવડતા સાથે મકાન વેચવાનું છે...

**: સંપર્ક :**

**મો. 72597 11800**

કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

# અમરેલીવાસીઓ... તમારી સર્જનાત્મકતાને આપો સ્વાતંત્ર્ય પર્વનો અનોખો રંગ!

## અમરેલીના આંગણે રાજ્ય કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત રીલ્સ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધા

## ૫ ઓગસ્ટ સુધી જિલ્લા માહિતી કચેરી- અમરેલીને ઈ-મેઈલ મારફતે અથવા રૂબરૂ એન્ટ્રી મોકલો

અમરેલી, 03 ઓગસ્ટ, ૨૦૨૬ - રાજ્ય કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવા માટે અમરેલી જિલ્લો થનગની રહ્યો છે. ત્યારે અમરેલીવાસીઓની સર્જનાત્મકતાને વિશિષ્ટ મંચ પૂરું પાડવા માટે અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા માહિતી કચેરી, અમરેલી દ્વારા રીલ્સ અને શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધાના વિષયો: ૧. અમરેલી જિલ્લાની ૮ દાયકાની વિકાસયાત્રાર. ૮૦મા સ્વાતંત્ર્ય પર્વે દેશભક્તિના રંગે રંગાતું અમરેલી (દેશભક્તિનો સંદેશ આપતી કૃતિ)૩. ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી અમરેલીના આંગણે : લોકોના હૈયે અનેરો ઉત્સાહ સ્પર્ધકો મહત્તમ ૬૦ સેકન્ડની રીલ અથવા ૩ મિનિટ સુધીની શોર્ટ ફિલ્મ બનાવીને પોતાની કળા રજૂ કરી શકે છે. વિજેતા સર્જકોને સન્માનપત્ર આપી, તેમની કૃતિઓને જિલ્લાના તમામ અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પ્રસારિત કરી તેમની પ્રતિભાને બિરદાવવામાં આવશે. રસ ધરાવતા સ્પર્ધકોએ નામ, ઉંમર, મોબાઈલ નંબર અને સરનામાંની વિગતો સાથેની એન્ટ્રી તા. ૦૫ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં inforeelamreli@gmail.com પર ઈ-મેઈલ દ્વારા અથવા જિલ્લા માહિતી કચેરી, હોટલ દર્શનની સામે, અમરેલી ખાતે રૂબરૂ જમા કરાવવાની રહેશે. વધુ માહિતી કે માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા માહિતી કચેરીનો સંપર્ક કરી શકાશે. આવો, આ સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય કક્ષાની ઉજવણીમાં આપણી સર્જનાત્મકતા ઉમેરીએ અને આ યાદગાર ઉજવણીનો વિશેષ હિસ્સો બનીએ!

તારીખ : 03/08/2026

# લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫ ઓગસ્ટના રોજ યોજાશે

## તા.૧૦ ઓગસ્ટ સુધીમાં પ્રશ્નો રજૂ કરવા

અમરેલી તા. ૦૩ ઓગસ્ટ,૨૦૨૬ - લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લાઠી મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૦ ઓગસ્ટ,૨૦૨૬ના રોજ બપોરે ૦૩:૦૦ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

તારીખ : 03/08/2026

# ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી પૂર્વે ધારીમાં સઘન સ્વચ્છતા ઝુંબેશ

અમરેલી તા.૩ ઓગસ્ટ, ૨૦૨૬ - અમરેલીના આંગણે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી થવાની છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રિ-ઈન્ડિપેન્ડન્સ એક્ટિવિટી અંતર્ગત જિલ્લાભરમાં "સ્વચ્છતા અભિયાન" હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાનના અનુસંધાને ધારી નગરપાલિકા વિસ્તારમાં સઘન સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી.

આ અભિયાન અંતર્ગત ધારી શહેરના યોગીચોક, અમરેલી રોડ, વિવિધ મુખ્ય બજારો તેમજ અન્ય જાહેર સ્થળોએ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

શહેરને સ્વચ્છ, સુંદર અને સુવ્યવસ્થિત બનાવવા હાથ ધરાયેલી આ કામગીરીમાં નગરપાલિકાએ સક્રિય ભાગ ભજવ્યો હતો.

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક




## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.




બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા

## લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 03/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## મહેશભાઈ મહેતા

ના જન્મદિવસ નિમિતે
ખુબ ખુબ શુભેચ્છાઓ...

HAPPY BIRTHDAY



ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 03/08/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva

**3473**
**03/08/2026**
**Monday**

## आत्मा

"मैं" का अस्तीत्व शरीर
कहीं भी नहि है, फीर
भी मनुष्य मैं के अंहकार
के साथ ही जीता है।

बाबास्वामी
3/8/2026



**'Nijdham'**, Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

તારીખ : 03/08/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"યુદ્ધ માટે એમ કહેવાય છે કે એ ખુદની તાકાત પર એટલું નથી જીતાતું જેટલું દુશ્મનની કમજોરી પર જીતાય છે.

નિંદાનો રસ એ આત્માની કમજોરી છે અને મોહરાજા આ કમજોરીના ખ્યાલે જ આત્મા પર જીતતો રહે છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 03/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**ગ્રાહક:** ભાઈ, ઘડિયાળમાં બેટરી બદલી આપશો?
દુકાનદાર: જરૂર!
ગ્રાહક: કેટલા રૂપિયા?
દુકાનદાર: બેટરીના 80 અને સમય બદલવાનો ચાર્જ ફ્રી!.....

**ગ્રાહક:** ભાઈ, સૌથી મજબૂત તાળું બતાવો.દુકાનદાર: આ લો સાહેબ!ગ્રાહક: ચોર ખોલી તો નહીં શકે ને?
દુકાનદાર: ચોર ખોલી શકે... પણ પહેલા પૈસા તો આપને જ આપવા પડશે! .....

**ગ્રાહક:** ભાઈ, ડિસ્કાઉન્ટ કેટલું આપશો?દુકાનદાર: સાહેબ, એટલું આપી દઈશ કે ઘરે જઈને પણ તમને લાગશે...
"હજુ થોડું વધારે માંગવું હતું!"

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 03/08/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૩ ઓગષ્ટ

# મહત્વની ઘટનાઓ

૧૪૯૨ – ક્રિસ્ટોફર કોલંબસે, 'પાલોસ દ લા ફ્રોન્ટેરા', સ્પેનથી પોતાની સફર શરૂ કરી.

૧૯૩૪ – પ્રમુખ અને 'ચાન્સેલર'નાં પદનું "ફ્યુરર" (Führer)નાં પદમાં એકીકરણથી એડોલ્ફ હિટલર જર્મનીનો સર્વોચ્ચ નેતા બન્યો.

૧૯૫૮ – અણુસબમરિન 'નોટિલસે' આર્કટિકનાં બરફની નિચેથી મુસાફરી કરી.

## જન્મફેરફાર કરો

૧૯૧૬ – શકીલ બદાયુની, ભારતીય કવિ અને ગીતકાર (અ. ૧૯૭૦)

૧૯૩૯ – અપૂર્વ સેનગુપ્તા, ભારતીય ક્રિકેટર

૧૯૫૬ – બલવિન્દર સંધુ, ભારતીય ક્રિકેટર

૧૯૫૭ – મણી શંકર, ભારતીય ચલચિત્ર નિર્માતા

૧૯૬૦ – ગોપાલ શર્મા, ભારતીય ક્રિકેટર

## અવસાન

૧૯૮૫ – બાબુ બનારસી દાસ, ભારતીય રાજકારણી અને ઉત્તર પ્રદેશના ૧૧મા મુખ્યમંત્રી (જ. ૧૯૧૨)

૧૯૯૩ – સ્વામી ચિન્મયાનંદ, વેદાંતનાં શિક્ષણનો પ્રસાર કરનાર સંત (જ. ૧૯૧૬)

તારીખ : 03/08/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યાપારી માટે




**હોલસેલ** ભાવે

નાની-મોટી

**ચીઠ્ઠી બુક**

## વિદ્યાર્થીઓ માટે

**રફ ચોપડા**



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 03/08/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



## કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી NEWS

તારીખ : 03/08/2026

SINCE 1923 KD NEWS PAPER


Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




76K

53K

40K

100K

સંપર્ક : મો. 94997 97973